પ્રધાનમંત્રી પદના ઉમેદવાર બિનસાંપ્રદાયિક હોવા જોઈએ : નિતીશ કુમાર

પટણા,તા.૧૯

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર ફરી એકવાર આક્ષેપોનો મારો ચલાવ્યો છે. જેડીયુના નેતા નીતિશ કુમારે કહ્યું છે કે એનડીએને વડાપ્રધાનપદના ઉમેદવારની જાહેરાત કરી દેવી જોઈએ. જો કે નીતિશે એવી શરત મૂકી છે કે વડાપ્રધાન પદ માટેના ઉમેદવાર ઉદાર અને બિનસાંપ્રદાયિક પ્રતિષ્ઠાવાળા અને ધર્મ નિરપેક્ષ હોવા જોઈએ. નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે સ્વીકારાશે નહી તેવો સંકેત નીતિશ કુમારે પરોક્ષ રીતે આપી દીધો છે. જેથી વડાપ્રધાન પદને લઈને એનડીએમાં હજુ ગૂંચવણ ભરી સ્થિતિ પ્રવર્તી રહી છે.જાણકાર લોકોનું કહેવું છે કે નીતિશ કુમારે આ મુજબની વાત કરીને નરેન્દ્ર મોદી ઉપર પરોક્ષ પ્રહારો કર્યા છે. જો કે નીતિશ કુમારે વડાપ્રધાન પદની પોતાની દાવેદારી પણ કરી નથી. પરંતુ ધર્મ નિરપેક્ષની વાત કરીને નીતિશે પોતાની ઉમેદવારી અંગે સંકેત આપી દીધા છે. બીજી બાજુ લાલુ યાદવે નીતિશ ઉપર પ્રહાર કરતા કહ્યુંછે કે ભાજપમાં ધર્મ નિરપેક્ષ કોણ છે તે બાબતનો ખુલાસો નીતિશ કુમારે કરવો જોઈએ. એક અગ્રણી અંગ્રેજી અખબારને આપેલી મુલાકાતમાં નીતિશ કુમારે અનેક શરતો રજૂ કરી હતી. તેમનું કહેવું છે કે વર્ષ ૧૯૯૬ અને ૯૮, ૯૯ અને

૨૦૦૪માં અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન પદના ઉમેદવાર હતા. વર્ષ ૨૦૦૯ની અડવાણીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. આવી સ્થિતિમાં ૨૦૧૪ની ચૂંટણીથી પહેલા એનડીએને પોતાના ઉમેદવાર જાહેર કરી દેવા જોઈએ. નીતીશકુમારનું કહેવું છે કે જે વ્યક્તિ લોકશાહી મૂલ્યોમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે તે વ્યક્તિની પસંદગી આના માટે કરવી જોઈએ. ભારતમાં વડાપ્રધાન પદના ઉમેદવાર પર કોઈપણ પ્રકારના કલંક હોવા જોઈએ નહીં. વડાપ્રધાન સૌથી મોટી પાર્ટીના હોવા જોઈએ. નાની પાર્ટીઓમાં માત્ર સમર્થન જ હોવું જોઈએ. વડાપ્રધાન પદના ઉમેદવાર કોઈ વિકસીત રાજ્યના નહીં બલ્કે ઓછા વિકસીત રાજ્યના હોવા જોઈએ. નીતિશ કુમાર પોતે સ્પર્ધામાં હોવાનો ઈન્કાર કર્યોહતો. તેમનું કહેવું છે કે તેઓ વડાપ્રધાન પદનું સ્વપ્ન જોતા નથી. પરંતુ તેમની વાતથી લાગે છે કે મોદીને વડાપ્રધાન તરીકે નીતિશ કુમાર જોવા ઈચ્છુક નથી.

કેસ ફોર બેલ સ્કેમમાં રાવની પૂછપરછ કરાઈ

હૈદરાબાદ, તા. ૧૯

એન્ટીકરપ્શન બ્યુરોના અધિકારીઓએ આજે કેસ ફોર બેલ સ્કેમ મામલામાં સસ્પેન્ડ કરવામાં આવેલા જજની આકરી પૂછપરછ કરી હતી. અબુલાપુરમ માઈનિંગ કંપની કેસમાં કર્ણાટકના ભૂતપુર્વ પ્રધાન ગલી જનાર્ધન રેડ્ડીને જામીન આપવા લાંચ લેવાના આરોપમાં સસ્પેન્ડ કરવામાં આવેલા

સીબીઆઈના જજ ડી રાવની પૂછપરછ કરવામાં આવી હતી. ગલી જનાર્ધન રેડ્ડીને લાંચ લઈને જામીન આપી દેવામાં આવ્યા હતા. એસીબીના અધિકારીની ટીમ આજે સવારમાં રાવના નિવાસસ્થાન ઉપર પહોંચી ગઈ હતી. અને તેમને તેમની ઓફિસમાં લઈ ગઈ હતી. જ્યો તેમની પૂછપરછ થઈ હતી. એસીબીના ડિરેક્ટર જનરલ બી પ્રસાદ રાવે કહ્યું હતું કે રાવની એસીબીના અધિકારીઓ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. કેસ ફોર બેલ સ્કેન્ડલના સંબંધમાં નિવૃત્ત જજ પીવી ચાલાપથિ અને રાવના પુત્ર પી રવિચન્દ્રની પહેલાથી જ ધરપકડ કરવામાં આવી ચુકી છે. બાતમી મળ્યા બાદ સમગ્ર મામલામાં તપાસ હાથ ધરાઈ હતી. જનાર્ધન રેડ્ડી અને જજ તથા અન્યો વચ્ચે એક સમજુતી થઈ છે. તેવી બાતમી મળ્યા બાદ સીબીઆઈએ હૈદરાબાદમાં પાંચ લોકરોમાંથી ૧.૬૦ કરોડની રોકડ રકમ કબજે કરી હતી. સીબીઆઈએ ટી બાલાજીરાવ પાસેથી પણ ૧.૧૪ રોકડ રકમ કબજે કરી હતી.

રાષ્ટ્રપતિ ચૂંટણી : સંગમા મામલે એનડીએ વિભાજિત

નવી દિલ્હી,તા.૧૯

કેન્દ્રીય નાણામંત્રી પ્રણવ મુખર્જીને ટેકો આપતા પક્ષોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. ત્યારે ભાજપ ગૂંચવણભરી સ્થિતિમાં છે. જેડીયૂ અને શિવસેના જેવા પક્ષો પ્રણવ મુખર્જીને ટેકો આપવાની જાહેરાત કરી ચુક્યા છે. પરંતુ મુખ્ય વિપક્ષ ભાજપ હજુ સુધી કોઈ નિર્ણય કરી શક્યો નથી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ સ્પર્ધામાંથી ખસી જતા તૃણમુલ કોંગ્રેસ અને ભાજપ સામે મોટી સમસ્યા ઉભી થઈ ગઈ છે. હવે મુખ્ય વિરોધપક્ષ ભાજપે એનસીપીના ઉમેદવાર પીએ સાંગમા પર સર્વ સંમતિ સાધવાના પ્રયાસો હાથ ધર્યા છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રણવ મુખર્જીને ટેકો આપવાની ભાજપની હજુ પણ યોજના દેખાઈ રહી નથી. ભાજપ શિવસેના,. જેડીયૂ, શિરોમણી અકાળીદળ જેવા પક્ષોને સાંગમાની તરફે ણમાં ટેકો આપવા

સમજાવવામા વ્યસ્ત છે. પરંતુ આમા સફળતા મળી નથી. ભાજપના નેતાઓ ખાસ કરીને એલ કે અડવાણી અને સુષ્મા સ્વરાજ વિપક્ષના ઉમેદવાર તરીકે અબ્દુલ કલામને મેદાનમાં ઉતારવા ઈચ્છુક હતા. પરંતુ અબ્દુલ કલામે ઈન્કાર કરી દીધો છે. છેલ્લા થોડાક દિવસમાં ફોન પર કલામ સાથે સંપર્કમાં રહેલા અડવાણીએ કહ્યુ છે કે કલામને મનાવવાના પ્રયાસો થયા હતા. કલામના નિર્ણયથી આશ્ચર્ય ચકિત થયેલા ભાજપે ગઈકાલે મોડી રાત્રેતેની કોર કમિટિની મીટિંગ બોલાવી હતી. ભાજપ માટે શિવસેનાએ આજે વધુ સમસ્યા ઉભી કરી દીધી હતી. કરાણ કે શિવસેના પ્રણવને ટેકો આપવાની જાહેરાત કરી હતી. તેના મુખપત્ર સામનામાં પ્રણવને ટેકો આપવાની વાત કરીને શિવસેનાએ ભાજપની ઉંઘ હરામ કરી દીધી હતી. તંત્રી લેખમાં બાળ ઠાકરેએ કહ્યુ હતુ કે રાષ્ટ્રના ગૌરવ સાથે કોઈપણ કિંમતે બાંધ છોડ કરી શકાય નથી. સંકોચિત રાજકીય લાભ માટે બાંધ છોડ યોગ્ય નથી. જો તલવાર નથી તો યુદ્ધ મેદાનમાં ઉતરી શકાય નથી. તમામની સાથે આવીને ટેકો આપવો જોઈએ. વિશ્વ સમક્ષ અમે સંગઠિત છીએ તે બાબતનો દાખલો બેસાડીએ છીએ. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ આજે એનડીએને સેક્યુલર ઉમેદવારની જાહેરાત કરવા કહ્યુ હતુ.

ઓસ્ટ્રેલિયામાં ભારતીય પર હિંસક હુમલો કરી લૂંટ કરાઈ

મેલબોર્ન,તા.૧૯

ઓસ્ટ્રેલિયામાં ભારતના લોકો પર ફરી કેટલાક હુમલાઓ શરૂ થઈ ગયા છે. હવે એક ભારતીય ટેક્સી ડ્રાઈવર ઉપર હુમલો થયો છે. તેનું નામ હરપ્રીતસિંહ છે. મેલબોર્નના ઉપનગરી વિસ્તારમાં હુમલાખોરોએ બેઝ બોલ બેટથી તેમના પર હુમલો કરી દીધો હતો. આ ઉપરાંત તેમની ટેક્સીને પણ નુકસાન કર્યું હોવાનું જાણવા મળ્યું છે. હુમલાના સંબંધમાં આઠ ટિનેજરોની ધરપકડ કરાઈ છે. ભારતીય ઉપર હુમલાના બનાવ ફરી એકવાર વધી ગયા છે. પાંચ જગ્યાઓએ ટોળકીએ લૂંટફાટ

કરી હોવાનું જાણવા મળ્યું છે. આ ગેંગે સનસાઈન, બ્રુકલિંન અને લૈવરોનમાં જુદી જુદી જગ્યાઓએ હુમલા કર્યા હતા જેમાં પાંચ ટેક્સીને નુકસાન થયું હતું. હુમલાખોરો બુરખા પહેરીને આવ્યા હતા. ટેક્સી ડ્રાઈવર હરપ્રીતસિંહ સનસાઈન વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જ તેમના ઉપર હુમલો કરી દેવામાં આવ્યો હતો. હુમલાખોરો બે કારમાં આવ્યા હતા. એક કારે તેમની ટેક્સીને પાછળથી ટક્કર મારી હતી. જ્યારે અન્ય કાર આગળથી અથડાવી દેવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયાના જાણીતા અખબારે કહ્યું છે કે ચાર શખ્સો બેઝ બોલ બેટ લઈ આવ્યા હતા અને એકાએક હુમલો કરી દીધો હતો. હરપ્રીતે ભયભીત થઈને હુમલાખોરોને ૧૫૦ ડૉલરની રોક્કડ રકમ અને ફોન આપી દીધા હતા. ઓસ્ટ્રેલિયામાં અગાઉ ભારતીયોને ટાર્ગેટ બનાવીને હુમલા કરવામાં આવી ચૂક્યા છે. મામલો ટોચના સ્થળે પણ ઉઠાવવામાં આવી ચૂક્યો છે.

સોનાની કિંમત વિક્રમી ઉંચી સપાટીએ પહોંચી

નવી દિલ્હી,તા.૧૯

બુલિયન બજારમાં હાલમા શેરબજારની જેમ જ પ્રવાહી સ્થિતિ જોવા મળી રહી છે. આજે અમદાવાદ બુલિયન બજારમાં સોના અને ચાંદીની કિંમતમાં સુધારો થયો હતો. એક બાજુ ચાંદીની કિંમત ૫૪૪૦૦થી ૫૪૮૦૦ વચ્ચે રહી હતી. જેથી ચાંદીની કિંમતમાં ૩૦૦ રૂપિયાનો સુધારો નોંધાયો હતો. આવી જ રીતે સોનાના ભાવમાં ફરી ૩૦ હજારની સપાટી જોવા મળી હતી. સોનાનો ભાવ આજે ૩૦૫૫૦થી ૩૦૬૫૦ બોલાયો હતો. જેથી સોનામાં રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી રહી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાંથી પણ સોનામાં રેકોર્ડ ઉછાળાના સમાચાર મળ્યા છે. રાષ્ટ્રીય પાટનગરમાં સ્ટોકીસ્ટ અને જ્વેલર્સ દ્વારા નવેસરથી લેવાલીના લીધે પ્રતિદસ ગ્રામ સોનાનો ભાવ ૩૦૭૫૦ સુધી પહોંચ્યો હતો. લગ્નની સિઝન અને વૈશ્વિક બજારમાં તેજીના પ્રવાહની અસર જોવા મળી હતી. ૧૫મી જૂનના દિવસે સોનાની કિંમત ૩૦૫૭૦ થઈ હતી. જેનાથી પણ સોનાની કિંમત વધીને ૩૦૭૫૦ થઈ હતી. જ્યારે ચાંદીની કિંમતમાં દિલ્હી બુલિયન બજારમાં ૮૦૦ રૂપિયાનો ઉછાળો આવ્યો હતો. જેથી તેની કિંમત ૫૫૮૦૦ રહી હતી.

આયર્લેન્ડને હરાવીને ઈટાલી ક્વાર્ટર ફાઈનલમાં

ડોન્ટેસ્ક,તા.૧૯

પોઝનોનમાં યૂરો કપ ૨૦૧૨ની ગ્રૂપ સીની એક મહત્વપૂર્ણ મેચમાં ઈટાલીએ આયર્લેન્ડ ઉપર જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં એન્ટ્રી કરવામાં સફળતા મેળવી હતી. ઈટાલીએ આયર્લેન્ડ ઉપર ૨-૦થી જીત મેળવી હતી. મેચ શરૂ થતા પહેલા ઈટાલીના ખાતામાં માત્ર બે પોઈન્ટ હતા. આ મેચ ઈટાલી માટે મહત્વપૂર્ણ હતી. આ મેચમાં પોતાની જીતની સાથે જ ઈટાલીની આગામી રાઉન્ડમાં એન્ટ્રીની શક્યતા હતી. સ્પેન અને ક્રોએશિયા વચ્ચેની મેચ ડ્રો થાય તો જ ઈટાલીની તકો હતી. ઈટાલીએ ચાહકોની અપેક્ષા મુજબ જ આયર્લેન્ડ ઉપર શાનદાર જીત મેળવી હતી. ક્રોએશિયા ૪ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યું છે. આની સાથે જ ક્રોએશિયા સ્પર્ધામાંથી ફેકાઈ ગયું છે. જ્યારે આયર્લેન્ડ કોઈપણ મેચ જીત્યા વગર અને કોઈપણ પોઈન્ટ વગર સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ છે. ઈટાલી તરફથી ઉપમી મિનિટમાં એન્ટોનિયો કસાનોએ ગોલ કર્યો હતો. આની સાથે જ ઈટાલીએ પ્રથમ હાફમાં ૧-૦ની લીડ મેળવી લીધી હતી. ત્યારબાદ ૯૦મી મિનિટમાં ઈટાલી તરફથી મારિયો બાલતોલીએ શાનદાર

ગોલ ફટકારીને પોતાની ટીમની જીત પાકી કરી દીધી હતી. ચાર વખતના વિશ્વ ચેમ્પિયન ઈટાલીની ટીમ આ મેચમાં પોતાના અસલ ફોર્મમાં નજરે પડી હતી. હજુ સુધી સંઘર્ષ કરી રહેલી આયર્લેન્ડની ટીમ ઉપર ઈટાલીએ એક પછી એક હુમલા કર્યા હતા. આયર્લેન્ડના આ ટૂર્નામેન્ટમાં ખરાબ દેખાવનો ફાયદો પણ તેને થયો હતો. આની સાથે જ ઈટાલી ગ્રૂપ સીના રનર્સઅપ તરીકે અંતિમ આઠમાં પહોંચી ગયું છે. ઈટાલી હવે રવિવારે ક્વિમાં ગ્રૂપ ડીના વિજેતા સામે ટકરાશે. આયર્લેન્ડે ખૂબ જ ખતરનાક શરૂઆત કરી હતી. રમત શરૂ થવાની સાથે જ બંને ટીમોએ ગોલ કરવાની તમામ પ્રયાસો કર્યા હતા.

યૂરો કપ ૨૦૧૨માં રમાયેલી અતિ રોમાંચક મેચમાં વર્ચમાન ચેમ્પિયન સ્પેને ભારે મહેનત બાદ અંતિમ સમયમાં કરવામાં આવેલા એક ગોલની મદદથી ક્રોએશિયા ઉપર ૧-૦થી જીત મેળવી હતી. બે વખતના ચેમ્પિયન સ્પેનના ખાતામાં આ જીતની સાથે જ ૭ પાઈન્ટ આવી ગયા છે અને તે પોતાના ગ્રૂપમાં ટોપ ઉપર રહેવામાં સફળ રહી છે. આની સાથે જ સ્પેનની ટીમ અંતિમ આઠમાં પહોંચી ગઈ છે.

શનિવારે સ્પેનની ટીમ ગ્રૂપ ડીમાં રનર્સઅપ રહેલી યુક્રેનની ટીમ સામે ડોન્ટેસ્કમાં ટકરાશે. ગ્રૂપ સીની અતિ રોમાંચક મેચમાં સ્પેને ક્રોએશિયાને હાર આપવામાં ભારે મુશ્કેલીનો સામનો કર્યો હતો. ક્રોએશિયના ટીમ ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવવા સતત બીજા વર્ષે ક્વાલીફાઈ થવાની આશા સાથે મેદાનમાં ઉતરી હતી. પરંતુ નિર્ધારીત સમયથી માત્ર બે મિનિટ પહેલા જ નાવાસના ગોલથી ક્રોએશિયાની તમામ આશાઓ ઉપર પાણી ફરી વળ્યું હતું તેના ગોલની સાથે જ ક્રોએશિયાના ચાહકોમાં હતાશાનું મોજુ ફરી વળ્યું હતું. પ્રથમ હાફમાં બંને ટીમો ગોલ કરવા માટે પ્રયત્નશીલ રહી હતી પરંતુ ગોલ કરવામાં સફળતા હાથ લાગી ન હતી.

બીજા હાફમાં પણ ગોલ નહી થાય તેમ લાગી રહ્યું હતું. એમ માનવામાં આવી રહ્યું હતું કે મેચ ડ્રો જાહેર થશે. ત્યારે જ નાવાસે મેદાનમાં ચુપકીદીને તોડીને ક્રોએશિયાની છાવણીમાં સનસનાટી ફેલાવી દીધી હતી.

વિદેશી મૂડીરોકાણના પ્રવાહને સુધારવા માટે પગલાં લીધા છે

નવી દિલ્હી,તા. ૧૯

યુપીએ સરકાર વિદેશી મુડીરોકાણના પ્રવાહને સુધારવા માટે સતત પગલા લઈ રહી છે અને આ તમામ પગલાની અસર થોડાક સમયની અંદર દેખાવવાની શરૂઆત થસે. નાણાં પ્રધાન પ્રણવ મુખરજીએ કહ્યું હતું કે વર્તમાન પ્રવાહી સ્થિતીમાં સરકાર તમામ જરૂરી પગલા અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે લઈ રહી છે. પ્રણવ મુખરજીએ કહ્યુંહતું કે ચોક્કસ ક્ષેત્રોમાં અમે પહેલાથી જ યોગ્ય પગલા લઈ ચુક્યા છીએ. આ પગલાના પરિણામ પણ ટુંક સમયમાં મળવા લાગી જશે. અત્રે ઉલ્લેખનીય છે કે ફિચ્ચે ગઈકાલે ભારતના ક્રેડિટ આઉટલુકને સ્થિરમાંથી નેગેટિવ કરી દેતા તેને લઈને ભારે ચર્ચા રહી હતી. ભ્રષ્ટાચાર, અપુરતા સુધારવા, ઉંચા ફુગાવા અને વિકાસની ધીમી ગતિ જેવા કારણો આપીને સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ બાદ હવે અન્ય એક રેટિંગ સંસ્થા ફિચ્ચે પણ ભારતના ક્રેડિટ આઉટલુકને સ્થિરથી ઘટાડીને નેગેટિવ કરવાની જાહેરાત કરી હતી. એપ્રિલ મહિનામાં એસએન્ડપીએ ભારતના રેટિંગ આઉટલુકને સ્થિરમાંથી ઘટાડીને નેગટિવ કરવાની જાહેરાત કરી હતી. ૧૧મી જુને એવી ચેતવણી

પણ આપવામાં આવી હતી કે બ્રિક દેશોમાં ભારત એવિ પ્રથમ દેશ હશે જેની રેટિંગ ઘટાડવામાં આવી શકે છે. ભારતના રેટિંગને ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડ કરતા પણ નીચે કરવાની ચેતવણી આપવામાં આવ્યા બાદ સરકારે તાત્કાલિક ધોરણે પગલા લેવાની શરૂઆત કરી હતી. પ્રણવે કહ્યું હતું કે સરકારે ફિચ્ચ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાની નોંધ લીધી છે. તેમણે કહ્યું હતું કે એફડીઆઈ અને એફઆઈઆઈ પ્રવાહમાં હાલમાં સુધારો થયો છે. વિદેશી વાણિજ્ય ધીરાણ(ઈસીબી)ના ધારાધોરણને હળવા કરવા માટે કેટલાક પગલા લેવામાં આવ્યા છે. પરિણામ હાંસલ કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેબ્ટ ફંડની પણ રચના કરવામાં આવી છે. નાણાં મંત્રાલય દ્વારા ગઈકાલે ફિચ્ચની ગણતરીને ફગાવી દીદી હતી અને કહ્યું હતું કે તેના પગલા જુના આંકડા પર આધારિત છે. નિવેદનમાં પ્રણવે કહ્યું હતું કે ફિચ્ચે જુના આંકડા પર મુખ્ય આધાર રાખીને તેની ગણતરી જાહેર કરી છે સાથે સાથે ભારતીય અર્થતંત્રમાં તાજેતરના હકારાત્મક પ્રવાહ પર ધ્યાન આપ્યું નથી. આનિવેદનમાં જણાવ્યા મુજબ રેટિંગ સંસ્થાએ ખાતર સબસિડી સુધારાઓ, સબસિડીને કાબુમાં લેવા સહિત સરકારના હાલના પગલાની નોંધ લીધી નથી.

અર્થતંત્રને ફરીથી સજીવન કરવા કડક પગલા લેવાશે

નવી દિલ્હી,તા.૧૯

વડાપ્રધાન મનમોહનસિંહ હાલ લોસકાબોસમાં છે. તેઓએ આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે સબસિડીને કાબૂમાં લેવા સહિત કેટલાક કઠોર નિર્ણય લેવા સરકાર કટિબદ્ધ છે. અર્થતંત્રમાં નવા પ્રાણ ફુકવા માટે સરકાર મુશ્કેલ નિર્ણય લેવા જઈ રહી છે. સિંહે દાવો કર્યો હતો કે આઠથી નવ ટકાનો વિકાસદર ફરી હાંસલ કરાશે. નાણાકીય ખાદ્યને અંકુશમાં લેવા માટે પણ પગલા લેવાઈ રહ્યા છે. ભારતના વિકાસના ચિત્ર અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યુ હતુ કે ભારત વધુ ઝડપથી રોજગારની તકો ઉભી કરી ફરીથી વિકાસના માર્ગ ઉપર પરત ફરવા ઉત્સુક છે. વાતચીત દરમ્યાન વડાપ્રધાને ભારતના અર્થતંત્રમાં મંદી સહિત જુદા જુદા વિષય પર વાત કરી હતી. ૨૦ વિકસિત અને

વિકાસશીલ દેશોના ગ્રુપ-૨૦ની સાતમી શિખર બેઠક પહેલા સત્રો દરમ્યાન તેઓએ આ મુજબની વાત કરી હતી. તેઓએ ઉમેર્યુ હતુ કે અમે પણ વર્ષ ૨૦૦૮ બાદ ઘમા મહેસૂલી પગલા લઈ ચુક્યા છે. અમે વિકાસ ઉપર મુખ્ય ધ્યાન આપી રહ્યા છે. આ નાણાકીય વર્ષ માટે ભારત જીડીપીના ૫.૧ ટકા નાણાકીય ખાદ્ય લક્ષ્ય ધરાવે છે. પરંતુ ઉંચા સબસિડી બિલ અને ઓછી ટેક્સ વસૂલાતના લીધે કેટલીક તકલીફો નડી છે. ભારત જેવા ઉભરી રહેલા અન્ય અર્થતંત્ર પર હાલ વૈશ્વિક કટોકટીના લીધે તેની અસરમાથી બહાર નિકળી રહ્યા છે. વૈશ્વિક મંદીની અસર સૌથી વધુ મૂડી પ્રવાહ પર જોવા મળી રહી છે. મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકાર દ્વારા શ્રેણીબદ્ધ પગલા લેવાઈ ચુક્યા છે. જેની અસર ટુંક સમયમાં જોવા મળશે. હાલ લેવાયેલા પગલાના પરિણામ થોડાક સમય બાદ દેખાશે.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

દસ વર્ષની લાંબો અવધી બાદ તેઓ અમદાવાદનાં એક શૉપિંગ મૉલમાં અચાનક ભેગાં થઈ જાય છે. રશ્મિનું ધ્યાન જ રાકેશ તરફ પડતાં તે બૂમ મારી બોલાવે છે એય રાકેશ, અહીંયા આવ, રશ્મિ એનાં દીકરાને કહે છે જો બેટા તારા મામા, રશ્મિ પછી તો એની વાતો કરવાં માંડી. મારા પતિ ખૂબ મોટી કંપનીમાં જનરલ મેનેજર છે અને એમનો મહિને બે લાખનો પગાર છે. દર અઠવાડિયે અમે હોટલમાં જમવા અને મૉલમાં ખરીદી કરવા આવીએ છીએ. એવું નહોતું કે તું મને ગમતો નહોતો પણ મને પહેલેથી જ મોજ-શોખમાં રહેવું ગમતું અને મારો પતિ મારા બધાં જ નખરાં પૂરાં કરે છે!!

થોડીક વારમાં રશ્મિનો પતિ હાથમાં બે-ચાર બૅગ ઝુલાવતો આવ્યો અને રાકેશને જોતાં જ બોલ્યો, 'અરે! સર તમે?' એણે રશ્મિ સાથે રાકેશની ઓળખાણ કરાવી આપી. આ મારા સર છે, અને અમારી કંપનીમાં માલિક જેમનો વાર્ષિક ટન ઑવર ૨૦૦૦ કરોડનું છે. રાકેશ તો ત્યાંથી ચાલ્યો ગયો પણ રશ્મિનો પતિ એનાં સરનાં વખાણ કરતા થાકતો નહોતો છેલ્લે એણે એટલું કહ્યું કે અમારા સર કો'ક છોકરીને ખુબ પ્રેમ કરતાં હતા, અને એનાં માટે થઈ એણે આજદિન સુધી લગ્ન કર્યાં નથી, કેટલી નશીબદાર હશે ને એ છોકરી? રશ્મિનો પતિ તો એની ખરીદી માટે આગળ એના દીકરા સાથે નીકળ્યો અને રશ્મિ રડીને હળવી થવા વૉશરૂમ તરફ દોડી ગઈ!! આખરે પ્રેમ તો પ્રેમ જ હોય છે ને??

એટલે જ કહેવાય છે ને પ્રે મકંઈ જાણી, જોઈ, પુછીને થતો નથી. એની કોઈ પૂર્વ યોજના કે ડેટીંગ નથી હોતાં, પ્રેમ તો થતાં થઈ જાય છે અને ઠુકરાવે તો બે હજાર કરોડનો સોદો બે લાખમાં પડે છે!!

ચૂંટલો :

એકબીજાની ક્ષતિઓને ગળીને છલકે એ પ્રેમ અને એકબીજાની અપેક્ષાની ઈંટો પણ ચણાય એ સ્વાર્થી પ્રેમ, પ્રેમ બંને રીતે થાય એક અમરત્વ પામે બીજો દેવદાસ બનાવે.

- hellosanjay108@gmail.com

સેંસેક્સ ૧૫૪ પોઇન્ટ સુધરી ૧૬૮૬૦ની નવી સપાટી પર

નવી દિલ્હી,તા.૧૯

શેરબજારમાં આજે ભારે અફડાતફડી જોવા મળી હતી. જો કે કારોબારના અંતે સેંસેક્સ ૧૫૪ પોઈન્ટ સુધરીને ૧૬૮૬૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૦ પોઈન્ટ સુધરીને ૫૧૦૪ની ઉંચી સપાટીએ રહ્યો હતો. દિવસ દરમ્યાન આજે મોટા ભાગે ફ્લેટ સ્થિતિ અને ઉતાર ચઢાવની સ્થિતિ રહી હતી. ગેલ ઈન્ડિયા, આરઆઈએલ, ઓએનજીસીમાં આજે જોરદાર સુધારો જોવા મળ્યો હતો. એફએમસીજીની મહાકાય કંપની આઈટીસીમાં પણ લેવાલી જોવા મળી હતી. સેંસેક્સ ૧૫૪ પોઈન્ટ સુધરતા રોકાણકારોમાં નવી આશા જાગી છે. યુરોપિયન બજારમાં પણ તેજી સાથે શરૂઆત થઈ હતી. ઘર આંગણે ગેલ ઈન્ડિયાના શેરમાં આજે સૌથી મોટો ત્રણ ટકાનો સુધારો થતા તેના શેરની કિંમત ૩૩૬ રૂપિયા થઈ હતી. જ્યારે ઈન્ડેક્ષ હેવીહેઈટ ગણાતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં ૨.૬ ટકાનો સુધારો થતા તેના શેરની કિંમત ૭૩૭ રૂપિયા થઈ હતી. આઈટીસીમાં લાઈફ ટાઈમ ઉંચી સપાટી જોવા મળી હતી. તેમાં ૨.૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. ભારતી એરટેલ, ઓએનજીસી, સિપલા, કોલ ઈનડિયા, ટીસીએસ, આઈસીઆઈસીઆઈ બેંક, સનફાર્મા, વિપ્રો, એલ એન્ડ ટીમાં પણ સુધારો જોવા મળ્યો હતો. બીજી બાજુ સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રી, ભેલ, ઈન્ફોસિસ, તાતા પાવર, જિંદાલ સ્ટીલ, બજાજ ઓટો, મારુતિ સુઝુકીમાં ૦.૩થી ૧.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેકટરલ મોરચે તમામ ઈન્ડેક્ષમાં તેજી જોવા મળી હતી. આઈટી ઈન્ડેક્ષમાં ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈ મીડકેપ ઈન્ડેક્ષમા ૦.૨ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. સ્મોલ કેપ ઈન્ડેક્ષની સપાટી ૬૪૪૦ નોંધાઈ હતી.

અમી વર્ષા (પાના નં. ૪ નું ચાલુ)

'મેઘ' યક્ષનો સંદેશ તો તેની પત્નીને આપે છે. તે ઘણી ખુશ થાય છે. યક્ષની પત્ની કહે છે -

હે મેઘ, તમે ચાર માસા અહીં સુંદર વાતાવરણમાં ઘૂમો. (ચાર્તુમાસ) .

યક્ષે આમ, પ્રિયતાને મોકલેલ સંદેશ પહોંચાડયો.

કાલિદાસ મહાન કવિ છે. સંસ્કૃતના વિદ્વાન છે. શાકુન્તલ પણ તેમનું મહાકાવ્ય છે. આપણે અષાઢના પ્રથમ દિવસે તેનું રસપાન કરીને આનંદ મેળવીએ.

બીજની રથયાત્રા રાજા અને પ્રભુ જગન્નાથની છે. તે પણ માણીએ. અષાઢનો વિયોગ આવાં પુસ્તકો વાંચવાથી સાચી વિગતો જાણવા મળશે.ધન્ય છે કવિ કાલિદાસને.

આઈપીએલની સીઝન બાદ થોડોક સમય આરામમાં રહેતી ભારતીય ક્રિકેટ ટીમને ટુંક સમયમાં જ સક્રિય થવું પડશે. આગામી ૨૨મી જુલાઈથી ૭મી ઓગષ્ટ દરમિયાન ભારતીય ક્રિકેટ ટીમ શ્રીલંકાના પ્રવાસે જઈ રહી છે. અહીં પાંચ વન ડે અને ટી-ટીવેન્ટી મેચ રમાશે. ભારતીય ટીમનું સુકાન મહેન્દ્રસિંહ ધોની સંભાળશે.